સુવિચાર : માણસના વિકાસમાં આડી આવતી નાની છતાં ખતરનાક કહી શકાય તેવી વાત છે 'અનિયમિતતાની કુટેવ' - નારાયણ મૂર્તિ

તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૫૬ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૭૪ | ૩ સપ્ટેમ્બર, ૨૦૧૫, ગુરૂવાર ; શ્રાવણ વદ - ૫/૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- ખતરનાક નાવીદ અંગે ચોંકાવનાર ડોઝિયર તૈયાર : ઘણી વિગત ખુલી
- પોકના લોકો પણ ભારતનો હિસ્સો બનવા માટે ઈચ્છુક
- કોમનવેલ્થ ગેમ્સ કાંડ : પાંચ દોષિતોને જેલની સજા કરાઈ
- શેર બજારમાં મંદી અવિરત જારી : વધુ ૨૪૩ પોઈન્ટનો મોટો ઘટાડો નોંધાયો
- ટાઈગર મેમણ બનીને ધમકી આપનાર શખ્સની અટકાયત
- નવા સુરક્ષા પાસા સાથે એક હજારની નોટને જારી કરાશે
- મણિપુર હિંસામાં મોતનો આંકડો વધીને આઠ થયો
- રિટેલર ફ્લિપકાર્ટ ૧૦ અબજ ડોલરની વસ્તુઓ વેચવા તૈયાર
- રાધે માં સામે ફરી સમન્સ જારી થાય તેવી સંભાવના

# દેશવ્યાપી હડતાલથી ટપાલ-બેંકિંગ સેવાઓ ઠપ



### રાષ્ટ્રવ્યાપી હડતાલમાં ૧૫ કરોડથી પણ વધુ કર્મચારીઓ જોડાયા : કેટલાક રાજ્યોમાં બંધને મજબુત પ્રતિસાદ

નવી દિલ્હી,તા. ૨

શ્રમ સુધારાઓ અને સરકારની વિવિધ યોજનાઓ સામેના વિરોધમાં ૧૦ મોટા ટ્રેડ યુનિયનો દ્વારા આજે ભારત બંધની હાકલ કરવામાં આવી હતી. ભારત બંધના પરિણામસ્વરૂપે ઘણી બધી સેવા ઠપ થઈ ગઈ હતી. જેમાં બેંકિંગ અને જાહેર પરિવહન સેવાનો સમાવેશ થાય છે. કરોડોના કારોબારને નુકશાન થયું હતું. બેંગ્લોર, હૈદરાબાદ, થિરુવનંતપુરમ જેવા મોટા શહેરોમાં સૌથી વધારે અસર જોવા મળી હતી. પાટનગર કોલકત્તામાં ઘણી જગ્યાઓએ હરિફ પાર્ટીઓ સામસામે આવી ગઈ હતી. બેંકો, દુકાનો, સ્કુલો ઘણી જગ્યા પર બંધ રહી હતી. બંધની અસર દક્ષિણી રાજ્યોમાં પણ જોવા મળી હતી. નાણાં મંત્રી અરૂણ જેટલી સાથે મંત્રણા ભાંગી પડ્યા બાદ સરકારની બિઝનેસ પહેલ સામેના વિરોધમાં આ ટ્રેડ યુનિયનોએ હાકલ કરી હતી. દેશભરમાં ઘણી બેંકો આજે બંધ રહી હતી. બસ સ્ટોપ ઉપર પણ લાંબી

● અનુસંધાન પાન-૭ પર

### ટ્રેડ યુનિયનોની માંગ શુ છે

- યુનિયન બન્યા બાદ ૪૫ દિવસની અંદર શ્રમ વિભાગમાં તેની નોંધણી થઈ જવી જોઈએ
- કેન્દ્રિય કર્મચારીઓ ૧૯૯૫ના પહેલાની જુની પેન્શન નિતીને અમલી કરવાની માંગ કરી રહ્યા છે જ્યારે રાજ્યોમાં ૨૦૦૫ પહેલાની નિતીને લાગુ કરવાની માંગ કરાઈ રહી છે
- બોનસની મર્યાદા ૧૦૦૦ રૂપિયાથી વધારીને બે હજાર રૂપિયા કરવાની અને ૩૫૦૦થી વધારીને ૭૦૦૦ રૂપિયા કરવાની માંગ કરાઈ રહી છે
- શ્રમ કાયદાઓને પણ કર્મચારીઓ લક્ષી કરવાની માંગ કરાઈ રહી છે
- સરકાર દ્વારા શ્રમ સંગઠનો માટે કહેવામાં આવ્યુ છે કે વર્તમાન સમયમાં ૨૦ હજાર રૂપિયા લઘુત્મ વેતન આપવાની જરૂર છે. આવી સ્થિતીમાં ઓછામાં ઓછો ૧૫૦૦૦ પગાર રહે તેવી માંગ કરાઈ છે

## એર ઈન્ડિયાના ૩૦ પાઈલોટોના રાજીનામા

નવી દિલ્હી,તા. ૨

નેશનલ કેરિયર એર ઈન્ડિયાને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણકે, ૩૦ જેટલા સીનિયર બોઈંગ ૭૮૭ ડ્રિમલાઈનર પાઈલોટોએ રાજીનામા આપી દીધા છે. આની સાથે જ કંપની માટે મોટો પડકાર ઉભો થઈ ગયો છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ અંગેના અહેવાલ પ્રકાશિત કરાયા હતા. સરકારી એરલાઈન્સ ઓપરેટર સામે પહેલાથી જ ઘણી સમસ્યાઓ રહેલી છે. કરદાતાઓ દ્વારા આપવામાં આવતા બેલઆઉટ ઉપર તેનું અસ્તિત્વ ટકાયેલું છે. ત્રણ વર્ષ અગાઉ આ પાઈલોટોની ટ્રેનિંગ ઉપર પણ ૧૫ કરોડથી પણ વધુની રકમ ખર્ચ કરવામાં આવી હતી. કોઈપણ સિક્યુરિટી બોન્ડ રાખવામાં આવ્યા નહતા. પાઈલોટો તેમની ઈચ્છા મુજબ છોડી દેવા માટે સ્વતંત્ર હતા.

# વર્તમાન વર્ષ દુષ્કાળનું વર્ષ જ રહેશે

**અનાજ ઉત્પાદનને માઠીઅસર થશે, ચીજવસ્તુના ભાવ વધી શકે : વર્ષ ૨૦૦૯ બાદથી સૌથી શુષ્ક દુષ્કાળની સ્થિતિ રહેવાની શક્યતા : ૮૮ ટકા આગાહી કરતા પણ એક અથવા બે ટકા ઓછો વરસાદ થવાની શક્યતા**

નવી દિલ્હી,તા. ૨

ભારતમાં મોનસુની વરસાદ લોન્ગ ટર્મ એવરેજ (એલટીએ)ના ૮૮ ટકાની અગાઉની આગાહી કરતા પણ ઓછો રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર માટે આ મોટો ફટકો સમાન છે. ઓછા વરસાદના પરિણામ સ્વરૂપે ચીજવસ્તુઓના ભાવ આસમાને રહે તેવી શક્યતા છે. આના કારણે મોદી સરકારની મુશ્કેલીઓમાં વધારો થઈ શકે છે. વર્ષ ૨૦૦૯ બાદથી સૌથી વધારે દુષ્કાળ રહે તેમ માનવામાં આવે છે. કૃષિ ઉત્પાદનને પણ સીધી અસર થઈ શકે છે. જુલાઈ-સપ્ટેમ્બરના મહિના દરમિયાન વરસાદ સિંચાઈ માટે ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે. ભારતમાં અડધાથી વધુ કૃષિ વિસ્તારોમાં આ ગાળા દરમિયાન સિંચાઈ કરવામાં આવે છે. જ્યાં સિંચાઈની સુવિધા નથી તે વિસ્તારમાં લાખો ગરીબ ખેડૂતોને વરસાદના કારણે સીધો ફાયદો થાય છે. જે ખેડૂતો હજુ પણ નાનકડા જમીનના પટ્ટા ઉપર આધારિત છે તે ખેડૂતોને ખૂબ જ ફાયદો થાય છે. સતત બીજા વર્ષે દુષ્કાળ અથવા તો દુષ્કાળ જેવી સ્થિતિ ૧૧૫ વર્ષના ઈતિહાસમાં માત્ર ચોથી વખત જોવા મળી રહી છે. મોદી માટે પણ આ પીછેહઠ સમાન છે. એકબાજુ રાજકીય હરિફો સુધારાઓને લઈને વાંધો ઉઠાવી રહ્યા છે, ત્યારે એશિયાના ત્રીજા સૌથી મોટા અર્થતંત્ર સામે પડકારો ઉભા થઈ રહ્યા છે. ભારતીય હવામાન વિભાગના ડિરેક્ટર જનરલ લક્ષ્મણસિંહ રાઠોડનું કહેવું છે કે,

● અનુસંધાન પાન-૭ પર



**જય સોમનાથ** - દેશના પ્રસિદ્ધ જ્યોર્તિલીંગ સોમનાથ મહાદેવના મંદિરે શ્રાવણ મહિનામાં ભાવિકો મોટી સંખ્યામાં દાદાના શરણે શીશ ઝુકાવવા આવે છે... મંગલા આરતીનો મહિમા ખૂબ મોટો છે. સોમનાથ મંદિરમાં વહેલી પ્રભાતે દૂર દૂરથી પહોંચેલા ભાવિકો આરતીનો લાભ લઈ ધન્યતા અનુભવે છે... ભાવસભર વાતાવરણમાં યોજાતી સોમનાથ દાદાની મંગલા આરતીની તસવીર પણ હૃદયના ભાવો પ્રગટાવે છે... આવો સૌ સાથે મળી દાદાને પ્રાર્થીએ - ગુજરાત અને દેશમાં સદાય શાંતિનો માહોલ જળવાય...

# રાજ્યની મહાનગરપાલિકાઓની ચૂંટણીનું જાહેરનામુ આજ-કાલમાં

ગાંધીનગર, તા. ૨

રાજ્યની સ્થાનિક સ્વરાજ્યાની ચૂંટણીઓ અંગે આગામી બે ચાર દિવસમાં જાહેરનામુ બહાર પાડવાની દિશામાં રાજ્ય સરકારે કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

પંચાયત વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સ્થાનિક સ્વરાજ્યોની ચૂંટણીઓમાં ફરજીયાત મતદાનના રાજ્ય સરકારે ઘડેલા કાયદાની અમલવારી સામે હાઈકોર્ટમાં પીટીશન થતાં કોર્ટે સ્ટે આપ્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સમયસર યોજવા ઈચ્છે છે અને એટલા માટે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંગેના જાહેરનામાને રાજ્ય સરકારે મંજુરી આપી દીધી છે અને આગામી ચાર-પાંચ દિવસમાં જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકાર બે તબક્કામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજવા માટે વિચારી રહી છે. પ્રથમ તબક્કામાં મહાનગર પાલિકાની અને બીજા તબક્કામાં જિલ્લા અને તાલુકાની ચૂંટણીઓ યોજવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યની મહાપાલિકા, નગરપાલિકાઓ અને જિલ્લા તાલુકા પંચાયતોની ચૂંટણીઓ યોજવા માટેની તૈયારીઓ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા શરૂ કરવામાં આવી છે. પ્રથમ તબક્કામાં રાજ્યની મહાપાલિકાઓ, નગર પાલિકાઓની ચૂંટણીઓ યોજવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન બાદ બદલાયેલા રાજકીય વાતાવરણમાં પાટીદારોની નારાજગી ભાજપ ઉપર દિનપ્રતિદિન વધી રહી હોવાથી ચુંટણીમાં ભાજપને લોઢાના ચણા ચાવવા પડશે તેવી સ્પષ્ટ સ્થિતિ હોવા છતાં ભાજપે ચુંટણી યોજવાનું બીડું ઝડપી સામા પ્રવાહે તરવાનો નિર્ણય લીધો છે.

GPSC - Mains Exam
નવી બેચ તા. ૩-૯-૧૫ થી શરૂ
પેપર 1,2,4,5 | પેપર 3 | જાહેર વહીવટ ભૂગોળ
સ્પિપાનાં નિષ્ણાંત ફેકલ્ટી દ્વારા શિક્ષણ, ડેમો લેક્ચર
તા.3,૪,૫ સમય : સવારે ૮ થી ૧૦
રેવન્યુ તલાટી બેચમાં પ્રવેશ ચાલુ છે
(ઓફિસ સમય : ૧૦ થી ૭)
Classmate ACADEMY
Hitesh Sir 98248 87985
સે.૩,ઘ-૧.૫ બસ સ્ટેન્ડની બાજુમાં, આંધ્રા બેન્કની પાસે, ગાંધીનગર.

